# દરજીડો (Common TailorBird)

પંખી લોક

★ પ્રવીણ સરવૈયા

પંખીજગતમાં સૌથી ઉત્તમ માળો સુગરીનો ગણાય છે. સુગરીના માળા જેવો માળો બીજું કોઈ પંખી ગૂંથી શક્તું નથી. તેના પછી બીજા નંબરનો માળો કોઈ આવે, તો એ છે દરજીડાનો માળો. દરજીડો દરજી કપડાં સીવે એમ માળો સીવીને બનાવે છે. આ નાનકડા પંખીને કુદરતે કેવી કલા બક્ષી છે એ જાણવું હોય તો તેના માળાનું બરાબર નિરીક્ષણ કરીએ ત્યારે ખબર પડે! આપણી સામાજિક વ્યવસ્થામાં પણ ઈશ્વરે નાના ગણાતા માણસોને છૂટા હાથે કલા અર્પી છે. મોરલીનો માણીગર મદારી, દોરડા પર ચાલતો નટ, વાંસ-નેતર ગૂંથતો આદિવાસી, ઢોલનો કસબી ઢોલી, કપડાં પર તાણાવાણાથી મનભાવન ભાત પાડતો વણકર વગેરે આનાં ઉદાહરણ છે.

દરજીડાનું કદ મરઘીના ઈંડા કરતાં પણ નાનું છે. તેને અડધાએક ઈંચની નાનકડી પણ અણીદાર ચાંચ છે અને એકાદ ઈંચની પૂંછડી છે. તેની પીઠ



લીલા રંગની અને માથું લાલ હોય છે. પેટનો ભાગ દૂધ જેવો ધોળો અને પૂંછડીનો ભાગ પીળાશપડતો ભૂખરો - આ તેની મુખ્ય ઓળખ છે.

દરજીડો મુખ્યત્વે બગીચામાં રહે છે. તે બદામ કે વડ જેવા ઝાડનાં પહોળાં મોટાં પાનનો માળો બનાવે છે. પાનની બંને કિનારી ભેગી કરીને દરજીડો પોતાની સોય જેવી ચાંચથી દરજી સિલાઈ કરે એવી સિલાઈ કરે છે. સીવવા માટે તે દોરા, ઘાસનાં તણખલાં કે રૂનો ઉપયોગ કરે છે. ચાંચથી કાણાં પાડીને એક પછી એક સરસ ટાંકા લે છે. વળી દોરો હોય તો બહારથી ગાંઠ પણ મારી દે છે ! આવું તેને કોણ શીખવ્યું હશે? પણ કુદરતની અજાયબીનો પાર નથી. એને માણવા માટે આંખ બરાબર ખુલ્લી રાખીને પ્રકૃતિના ખોળે વિચરવું પડે, નિરીક્ષણ અને અવલોકન કરવાની સમજ કેળવવી પડે. હવે મૂળ વાત દરજીડાના માળાની. પાન સિવાઈ ગયા પછી એમાં તે તણખલાં, રૂ, પીંછાં વગેરે મૂકી સરસ મજાનો પોચી ગાદી જેવો માળો બનાવે છે. તે બદામ કે વડનાં ઝાડ ઉપરાંત નાનાં વૃક્ષો અને છોડના પાનને સીવીને પણ માળો બનાવે છે. મોટાં વૃક્ષોમાં પહેલી નજરે તો માળો દેખાય નહીં પણ નાનાં વૃક્ષો કે છોડ પરના માળા પર તેની અવરજવરથી ખ્યાલ આવી જાય છે. નાનાં પાનવાળું વૃક્ષ હોય તો બે કે ત્રણ પાન ભેગાં કરીને તે માળો ગૂંથે છે. આપણે તેનો માળો બહુ જોયા કરીએ તો તે બીકનું માર્યું માળો અધૂરો છોડીને ભાગી જાય છે. એથી દરજીડો માળો ગૂંથતો હોય ત્યારે તેને ખબર ન પડે એ રીતે જોવો. આમ તો દરજીડો ખૂબ સાવચેતીપૂર્વક, કોઈને ખ્યાલ ન આવે એ રીતે માળો બનાવી એમાં ઈંડાં સેવે છે પણ કાગડા જેવા પક્ષીને ખબર પડ્યા પછી તેનાં ઈંડાં કે બચ્ચાંને મારી નાખે છે. આપણે ત્યાં દરજીડો લગભગ સર્વત્ર જોવા મળે છે. તે બગીચા ઉપરાંત સીમ, વાડી, ખેતરમાં વસે છે. તે ઘણા મોટા અવાજે બોલે છે. તે બોલતો હોય ત્યારે આપણને એમ જ થાય કે કોઈ મોટું પક્ષી બોલે છે પણ જ્યારે જોઈએ ત્યારે લાગે કે અહો, આટલું ટચૂકડું પંખી ને આટલો મોટો અવાજ! તેનું એકધારું થાક્યા વિનાનું ગાયન રુચિકર લાગે એવું હોય છે. નર પ્રજનન ઋતુમાં વારંવાર ગાયન કરે છે. દરજીડો ઘણું ચપળ પંખી છે. આપણે તેને જોવા જઈએ કે તે તરત ઊડી જાય છે. તેની ખોરાક લેવાની રીત અનોખી છે. ઝાડના પાંદડે-પાંદડે, ડાળીએ-ડાળીએ ફરી તે પાંદડાની નીચેથી જીવાત વીણીને ખાય છે. તેને ફૂલોનો રસ પણ પસંદ છે. તે ફાગણથી શ્રાવણ માસની વચ્ચે માળો બનાવે છે. પ્રજનનકાળમાં નર પંખીની પૂંછડીનાં બે પીંછાં વધી જાય છે. ત્યારે તે જુસ્સાદાર સૈનિક જેવો લાગે છે. માળો બનાવવામાં નર અને માદા બંને મહેનત કરે છે. માદા ત્રણથી ચાર રતાશપડતાં ધોળાં ઈંડાં મૂકે છે. જે આંબલીના કચૂકા જેવાં લાગે છે. પગ અને ચાંચની મદદથી અચંબામાં નાખી દે એવી કારીગરી કરતું આ પંખી રમતિયાળ પણ એવું જ છે. એ ઝાડ પર નિરાંતે બેસતું નથી. ઈન્સ્પેક્ટરની અદાથી ઝાડની પ્રત્યેક શાખાએ તે ફરી વળે છે! તે નીચે નમીને ઉપર જુએ છે ને ઊંચું થઈને નીચે જુએ છે. વળી જાતજાતના અંગમરોડ પણ કરે છે. પંખીઓનાં અભ્યાસ અને નિરીક્ષણથી મનને એક પ્રકારનો આનંદ મળે છે. નિસર્ગ સાથે માયા બંધાવાથી મન પ્રફુલ્લિત રહે છે. આ એક એવો શોખ છે, જેમાં કશું ગુમાવવાનું નથી અને ગમે ત્યારે માણી શકાય છે.



**દરજીડો બદામ કે વડ જેવા ઝાડનાં પહોળાં મોટાં પાનનો માળો બનાવે છે. પાનની બંને કિનારી ભેગી કરીને દરજીડો પોતાની સોય જેવી ચાંચથી દરજી સિલાઈ કરે એવી સિલાઈ કરે છે. સીવવા માટે તે દોરા, ઘાસનાં તણખલાં કે રૂનો ઉપયોગ કરે છે. ચાંચથી કાણાં પાડીને એક પછી એક સરસ ટાંકા લે છે. વળી દોરો હોય તો બહારથી ગાંઠ પણ મારી દે છે!**

# દુનિયાની સૌથી લાંબી ટ્રેન યાત્રા, 7 દિવસમાં કાપે છે હજારો કિમી

જો આપને ટ્રેનમાં મુસાફરી કરવાનું પસંદ છે, તો એક એવી રેલ સફર વિશે વિચારો, જે લગભગ એક અઠવાડિયા સુધી ચાલે છે અને જેમાં રસ્તામાં બદલાતા શહેર, જંગલ, પહાડ અને ઝરણા જોવા મળે છે. આવી જ એક ઐતિહાસિક યાત્રા છે મોસ્કોથી વ્લાદિવોસ્તોક સુધીની ટ્રાંસ-સાઈબેરિયન રેલવે યાત્રા. આ રશિયાના વિશાળ વિસ્તારમાંથી પસાર થાય છે અને દુનિયાની સૌથી લાંબા અંતરની રેલ યાત્રામાંથી એક છે.

**9289 કિમીની મુસાફરીઃ** મોસ્કોથી રશિયાના અંતરિયાળ શહેર વ્લાદિવોસ્તોક સુધી જતી ટ્રાંસ સાઈબેરિયન રેલવે રૂટ લગભગ 9289 કિમી લાંબો છે. ટ્રેન સર્વિસના આધાર પર, આ સફરને પૂરી કરવામાં 6થી 8 દિવસ લાગી શકે છે. રસ્તામાં ટ્રેન રશિયાના કેટલાય મોટા શહેરો અને અંતરિયાળ વિસ્તારમાંથી પસાર થાય છે. આ રૂટ ન ફક્ત પોતાની લંબાઈ માટે, પણ યાત્રીઓને રશિયાના અલગ અલગ શહેરના ભૌગોલિક નજારાને નજીકથી જોવાનો મોકો આપે છે.

**8 ટાઈમઝોનમાંથી પસાર થવાનુંઃ** આ સફરની સૌથી રસપ્રદ વાતોમાંથી એક એ છે કે આ આઠ ટાઈમ ઝોનમાંથી પસાર થાય




છે. જેમ જેમ ટ્રેન મોસ્કોથી પૂર્વ તરફ વધે છે, લોકલ સમય સતત બદલાતો રહે છે. તેનાથી યાત્રીઓને બદલાતા સમય સાથે સાથે મૌસમ અને પ્રાકૃતિક નજારામાં પણ બદલાવ જોવા મળે છે.

**રસ્તામાં શાનદાર નજારાઃ** ટ્રાંસ-સાઈબેરિયન સફર દરમિયાન, યાત્રીઓને રશિયાના વિશાળ મેદાન, ગાઢ જંગલો, પહાડી વિસ્તાર અને નાના-મોટા શહેરોનો નજારો જોવા મળશે. આ રૂટ બૈકાલ ઝરણાવાળા વિસ્તારમાંથી પણ પસાર થાય છે. જે આખી સફરને સૌથી આકર્ષક બનાવે છે. જેમ જેમ ટ્રેન આગળ વધે છે, શહેરોની હલચલ પાછળ રહી જાય છે અને પ્રાકૃતિક નજારાને વધારે સ્પષ્ટ દેખાડે છે. આ બદલાવ સફરને સામાન્ય ટ્રેન યાત્રાથી બિલકુલ અલગ અનુભવ કરાવે છે.

**આ ક્યારે બની હતીઃ** ટ્રાંસ સાઈબેરિયન રેલવેનું નિર્માણ 1891માં શરુ થયું અને તેને પૂરું થવામાં બે દાયકાથી પણ વધારે સમય લાગ્યો. આ રેલ નેટવર્કે રશિયાના યુરોપીય ભાગને સાઈબેરિયા અને પૂર્વના છેડાને જોડવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી.

**મોસ્કો-પ્યોંગયાંગ રૂટનો પણ છે રેકોર્ડઃ** અહીં એક ફર્ક સમજવો પણ જરૂરી છે. ટ્રેન બદલ્યા વિના સૌથી લાંબી રેલ યાત્રાની વાત કરીએ તો મોસ્કોથી પ્યોંગયાંગનો રૂટ જે લગભગ 10214 કિમી લાંબો છે, તે ગિનીઝ બુક રેકોર્ડ ધરાવે છે. આ સફરનો સમય લગભગ 7 દિવસ, 20 કલાક અને 25 મિનિટ છે.